હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જો બંને ડોઝ લીધા હોય તો જ મને રોઝ દેવા આવવાનું... શું સમજ્યો...!!

અહો આશ્ચર્યમ્..!! સ્વર્ગવાસ થયાના આઠ માસ પછી વેક્સિન અપાઇ..!!

કુડસણના આધેડ ગત એપ્રિલમાં રસીનો પહેલો ડોઝ લીધા બાદ પણ કોરોના થતાં અવસાન પામ્યાં હતાં : તાજેતરમાં તેમના મોબાઇલ પર ડિસેમ્બરમાં બીઝો ડોઝ પણ અપાયો હોવાનો મેસેજ મળ્યો અને આરોગ્ય સેતુ પર તેનું સર્ટિફિકેટ પણ બની ગયું

ગાંધીનગર તા.૦૯

કોરોના મહામારીને નાથવા માટે સરકાર દ્વારા રસીકરણ અભિયાન જોરશોરથી ચલાવાઇ રહ્યું છે પરંતુ આ અભિયાનમાં ક્યારેક અજીબોગરીબ છબરડાં થતાં જોવા મળી રહ્યાં છે. આ છબરડાઓમાં ક્યારેક કોઈને વેક્સીન લીધી ના હોય છતાં પણ રસી લઈ લીધી હોવાનો મેસેજ મળી જવો અથવા આરોગ્ય સેતુ કોવિન એપ્લીકેશન પર તાજેતરમાં શરૂ કરવામાં આવેલાં પ્રિકોશન ડોઝ લીધો ના હોય તો પણ તે લઈ લીધો હોય તેવી રીતે તેનું સર્ટિફિકેટ જનરેટ થઈ જવા જેવી ઘટનાઓ સર્જાઈ રહી છે. ગાંધીનગરમાં પણ આવી એક વિચિત્ર ઘટના સર્જાઈ છે જેમાં વેક્સિનનો માત્ર એક ડોઝ લીધા પછી કોરોના થવાથી મૃત્યુ પામેલા દર્દીને તેના અવસાનના આઠ મહિના પછી તેમણે બીજો ડોઝ પણ લઈ લીધો હોય તેવો મેસેજ મળવા સાથે તેમનું વેક્સિનેશન સર્ટિફિકેટ પણ જનરેટ થઈ જવા પામ્યું છે.

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતાં પંકજભાઈ પરમારના પિતા ભાનુભાઇ પરમાર ગત વર્ષે તા.૧૮મી એપ્રિલ ૨૦૨૧ના રોજ કોરોના મહામારીની બીજી લહેરમાં કોવિડના કારણે ૬૦ વર્ષની વયે અવસાન પામ્યાં હતા. જોકે તેમને કોરોના થયો તે પહેલાં તેમણે તા.૧લી એપ્રિલ ૨૦૨૧ના રોજ કોરોના પ્રતિરોધક વેક્સિનનો પહેલો ડોઝ લીધો હતો. વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હોવા છતાં તેઓ કોરોના પોઝિટિવ થયાં હતાં અને તેમનું સારવાર દરમ્યાન અવસાન થયું હોવાનું પંકજ પરમારે જણાવ્યું હતું. તાજેતરમાં જ તેમના પિતાનો મોબાઈલ જે હવે પુત્ર પંકજભાઈ પાસે હતો તેના પર પિતાએ વેક્સિનનો બીજો ડોઝ લીધો હોવાનો મેસેજ મળતાં જ તેઓ ચોંકી ગયાં હતાં. આ પછી તેમણે પિતાના મોબાઈલ નંબર પરથી આરોગ્ય સેતુ એપ ખોલીને ચકાસણી કરતા તેમાં પણ તેમના પિતાનું વેક્સિન સર્ટિફિકેટ પણ જનરેટ થયેલું જોવા મળ્યું હતું જેને તેમણે ડાઉનલોડ કરતાં તેમાં તેમના પિતાને વેક્સિનનો બીજો ડોઝ તા.૨૭મી ડિસેમ્બર ૨૦૨૧ના રોજ આપી દેવાયો હોવાનું દર્શાવાયેલું છે. આમ સ્વર્ગસ્થ પિતાને વેક્સિનનો બીજો ડોઝ મળ્યો હોવાની વાતથી તેમના સમગ્ર પરિવાર તેમજ તેમના મિત્ર વર્તુળમાં ભારે કૌતુક ફેલાયું હતું.

ખૂણેખાંચરેથી

- નર્મદા અને જળસંપત્તિ વિભાગે ૨૮ જેટલા નાયબ કાર્યપાલક ઈજનેરોની બદલીના હુકમો જારી કર્યા છે.
- માણસા તાલુકાના અનોડિયા ગામે રવિનગર ખાતે આવેલ પ્રા. શાળામાં બાળકોને પાણી પીવા માટે બનાવેલ ટાંકી નિર્માણ થયાના ગણતરીના દિવસોમાં જ બેસી ગઈ છે.
- દહેગામ તાલુકાના હરખજીના મુવાડામાં ઘોડીની ચોરી કરવા તસ્કરો ત્રાટક્યા હતા પણ ઘોડીએ લાત મારતાં એક તસ્કર બેભાન થઈ ગયો હતો જેને પકડીને પોલીસને હવાલે કરવામાં આવ્યો છે.
- સે. ૧૬ માં જુના પેવરબ્લોક સારા હોવા છતાં મનપા દ્વારા બદલવાની કાર્યવાહી હાથ ધરાતાં લોકોમાં કોના બાપની દિવાળી કહીને લોકચર્ચા જાગી છે.
- રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં નવી જાહેર થયેલ એસ.ઓ.પી.માં નિયંત્રણો હળવા થશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- રાંધેજા-બાલવા માર્ગનું રિપેરીંગ અને મજબુતીકરણની ચાલી રહેલી કામગીરીને પગલે ભારે વાહનોની અવર-જવર માટે બે માસ માટે પ્રતિબંધિત કરી રૂટ ડાયવર્ઝનનું જાહેરનામુ અધિક નિવાસી કલેક્ટર રીતુસિંહે જાહેર કર્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં ૩૯૮ ખેડૂતોએ મગફળીના પાકનું તથા ૫૬૨ ખેડૂતોએ ડાંગરના પાકનું ટેકાના ભાવે વેચાણ કર્યુ છે.
- આગામી ૪ દિવસ સુધી રાજ્યમાં લોકોને બેવડી ઋતુનો અનુભવ થશે. લઘુત્તમ તાપમાનનો પારો ઘટશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.
- જિલ્લામાં લગ્નસરાની મોસમ ખીલી હોવાની અસરો સરકારી કચેરીઓમાં પણ જોવા મળી હતી.

શહેરના છ માર્ગ પર એરફોર્સના ગેટ પાસે કારની ટકકરે બાઈક ચાલકને ઈજા

ગાંધીનગર, તા.૯

શહેરના છ-૫ થી છ-૩ તરફ જતા માર્ગ પર ૨ એફએસઆર યુનિટના મુખ્ય દરવાજા સામ કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચતા સારવાર માટે લઈ જવાયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાયુ શકિત નગર ચિલોડા ખાતે સાર્જન્ટ તરીકે વાય.એસ.રાવ ફરજ બજાવે છે અને તેઓ વાયુ શકિતનગર ચિલોડા ખાતે પરિવાર સાથે વસવાટ કરે છે. નોકરી પર આવન જાવન માટે હીરો ડીલક્ષ કંપનીના બાઈક નં. એ.પી.૨૭.બી.એલ.-૧૬૦૮ નો ઉપયોગ કરે છે. ત્યારે બપોરના પોણા ત્રણ વાગ્યાના અરસામાં બાઈક લઈને પસાર થઈ રહેલા વાય.એસ.રાવ સેકટર-૯ ખાતેના ૨એફએસઆર યુનિટના મુખ્ય દરવાજા સામે આવેલા રોડ પસાર કરી મુખ્ય દરવાજા તરફ આવી રહ્યા હતા તે દરમિયાન એક ગાડી નં. જી. જે. ૧૮. એ. એમ. - ૩૫૨૩ ના ચાલકે ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી શ્રી નિવાસાના મોટર સાયકલને ડાબા પડખે ટકકર મારી અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં શ્રી નિવાસાને માથાના ભાગે ઈજા પહોંચી હતી.નાક અને કાનમાંથી લોહી નીકળતા પ્રથમ સારવાર માટે યુનિટના સ્ટેશન મેડીકેર સેન્ટર ખાતે લઈ ગયા હતા. જયાં ડોકટર દ્વારા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે સુરેશકુમાર રાધેશ્યામ શર્માએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાહતદરે ફાળવેલા પ્લોટની બાંધકામ સાથે વેચાણ પરવાનગી આપવા મહાસંઘની માંગ

ગાંધીનગર તા.૦૯

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને પાટનગરમાં સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને અસરગ્રસ્ત ખેડૂતોને રહેણાંક માટે સરકાર દ્વારા રાહતદરે ફાળવેલા પ્લોટ પર કર્મચારી દ્વારા પોતાની કમાણીથી રહેણાંક મકાનો બાધવામાં આવ્યાં છે તેની બાંધકામ સાથે વેચાણ પરવાનગી આપવા માંગ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે "જે મકાનોમાં વર્ષોથી સરકારી અધિકારીઓ, કર્મચારીઓ વસવાટ કરે છે જેમાંથી મોટા ભાગના તો નિવૃત્ત થઇ ગયેલા છે અને જેઓ આર્થિક પરિસ્થિતિ કે પોતાના વતનમાં રહેવા જવા ઈચ્છાને કારણે પોતાને રાહતદરે મળેલ પ્લોટ પર બનાવવામાં આવેલ મકાન વેચાણ કરવા ઈચ્છતા હોય છે પરંતુ સરકારના નિયમ પ્રમાણે આ પ્લોટ અન્ય વ્યક્તિને વેચાણ કરવા માટે સરકારની વેચાણ મંજૂરી મેળવવાની હોય છે પરંતુ હાલ કોર્ટ મેટરને કારણે સરકાર દ્વારા વેચાણ મંજૂરીની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે. આથી જરુરિયાતમંદ સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ પોતાના મકાનો વેચાણ કરી શકતાં નથી આવી વેચાણ મંજૂરી માટેની અસંખ્ય અરજીઓ નિર્ણય માટે પડતર પડી રહેલી છે. કેટલાંક કર્મચારીઓ અને અધિકારીઓએ વેચાણ કરવા માટે હાઈકોર્ટેમાંથી વેચાણ પરવાનગી મેળવી પોતાના મકાનો વેચાણ કર્યા છે પરંતુ સામાન્ય કર્મચારીઓ કે અધિકારીઓને કોર્ટ ખર્ચ પરવડતું નહીં હોવાથી સરકારની વેચાણ મંજૂરીની રાહ જોતા બેઠાં છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દ્વારા આ બાબતે સરકારની કમિટી બનાવી મિલકત ટાન્સફર નોંધો પાડવા માટે વેચાણ માટે સુચના આપી છે પરંતુ વેચાણ મંજૂરી આપવામાં આવી નથી, આથી જરુરિયાતમંદ કર્મચારીઓ-અધિકારીઓ નારાજ થયેલા છે. સરકાર કક્ષાએથી વેચાણ મંજૂરી અંગે નિર્ણય કરવામાં આવે તેવી લાગણી અને માંગણી છે.

આ નિર્ણયથી સરકારની આવકમાં વધારો થશે અને આર્થિક જરુરિયાતમંદ કર્મચારીઓ-અધિકારીઓ પોતાનું મકાન વેચાણ કરી શકે ધારાસભ્યના પ્લોટની ફરીયાદ કોર્ટ મેટર હોય તો ફક્ત ધારાસભ્યોના પ્લોટની વેચાણ મંજૂરી પેડીગ રાખવામાં આવે પરંતુ પાડાના વાંકે પખાલીને ડામ ના દેવાય. આથી સરકાર તરફથી સત્વરે માંગણી મુજબ વર્ષોથી પેડીંગ વેચાણ મંજૂરી અંગે નિર્ણય કરવામાં આવે તેવી મહાસંઘ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

શિક્ષણજગતમાં ખળભળાટ

ગાંધીનગર, તા. ૯

સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર યુનિવર્સિટી ભરતીમાં કૌભાંડ મામલે ફરિયાદ બાદ એન.એસ. યુનિવર્સિટીના ઉપકુલપતિ પરિમલ વ્યાસને શિક્ષણ વિભાગ દ્વારા કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યાસની ટર્મ આવતીકાલે સાંજે પુરી થઈ રહી છે. છેલ્લા એક અઠવાડિયાથી ધારાસભ્યો એક બાદ એક લેટરબોમ્બ ફોડી રહ્યા છે અને સરકાર - વહીવટી તંત્રને હચમચાતી ગેરરીતિઓ પ્રકાશમાં લાવી રહ્યાં છે. શિક્ષણ અને પોલીસ તંત્રમાં છેલ્લા એક અઠવાડિયામાં ચાર - ચાર ફરિયાદો દાખલ થતાં સચિવાલય સહિત વહીવટીતંત્રમાં ભારે ખળભળાટ સર્જાયો છે.

લકઝરી બસમાં મુસાફર પાસેથી થી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર,તા.૯

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન લકઝરી બસમાંથી પોલીસને દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે દારૂ-બિયર, મોબાઈલ સહિત રૂ.૫૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા શખ્સ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છેલ્લા કેટલાક સમયથી મુસાફરોના સ્વાગમાં ખેપીયાઓ દારૂની હેરાફેરી કરતા પોલીસના હાથે ઝડપાયા છે. ત્યારે ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંતમનગર તરફથી આવી રહેલી લક્ષ્મી ટ્રાવેલ્સની લકઝરી બસ સાઈડમાં ઉભી રખાવી ડ્રાઈવર-કડંકટરને સાથે રાખી ચેંકીગની કામગીરી હાથ ધરી હતી.તે દરમિયાન મુસાફર પાસે રહેલો થેલો ખોલાવી ચેક કરતા દારુની-૩૧ બોટલ અને બિયરના-૨૧ ટીન મળી આવ્યા હતા. પોલીસે મુસાફરનુ નામ પુછતા તેણે લોકન્દ્રસિંહ વિનોદસિંહ શેખાવત (બી-૯ સિંહભુમી જમવાય માર્ગ ખાતીપુરા જયપુર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૫૦,૮૧૨ ની કિંમતની ૩૧ બોટલ દારુ, રૂ.૨૬૨૫ ની કિંમતના બિયરના ટીન નંગ-૨૧ તેમજ મોબાઈલ કિં.રૂ.૩ હજાર મળી કુલ રૂ. ૫૬,૪૩૭ નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઠાકોર-કોળી સમાજના વિદ્યાર્થીઓ ઉમેદવારોને આર્થિક સહાય આપવા રજુઆત

જુના સચિવાલય ખાતે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના એમડી સમક્ષ 'તાસ'ની માંગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં જુના સચિવાલય ખાતે ઠાકોર અનામત આંદોલન સમિતિ - તાસ દ્વારા ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર સાથે મંગળવારે એક બેઠક યોજીને કેટલીક રજુઆતો કરવામાં આવી હતી જે અનુસાર ઠાકોર-કોળી સમાજના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે અને જેઇઇ, નીટ અને ગુજસેટની પરીક્ષાની તૈયારીઓ માટે, સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તૈયારીઓ કરવા સહાય આપવા સાથે કોઈ પણ અરજીમાં લાભાર્થીની આવક મર્યાદા રૂપિયા ચાર લાખ રાખવા રજુઆત કરવામાં આવી હતી.

'તાસ' દ્વારા જે માંગણીઓ પણ વ્યક્ત કરવામાં આવી છે તેમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો માટે રૂ.૨૦ હજાર વિદ્યાર્થીને ફાળવવા અને તે માટે ઓનલાઈન અરજી માટે પોર્ટલ ખુલ્લું રાખવા, ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે રૂ.૧૫ હજાર ટ્યુશન સહાય જાહેર કરવા, મેડિકલ તેમજ એન્જિનિયરિંગની પ્રવેશ પરીક્ષા જેવી કે જેઇઇ, નીટ અને ગુજસેટની પરીક્ષાની તૈયારી માટે રૂ.૨૦ હજાર કોચિંગ સહાય જાહેર કરવા તથા તેમાં મળતી લોનની રકમમા વધારો કરવા તેમજ આ યોજના માટે જરૂરી માર્ગદર્શિકા વેબસાઈટ પર મૂકવા માંગ કરવામાં આવી છે. આ સાથે નિગમની વેબસાઈટ પર ઠાકોર અને કોળી સમાજને મળતી તમામ યોજનાઓ વ્યવસ્થિત રીતે સમજી શકાય તે પ્રમાણે એક નવું ટેબ બનાવીને મૂકવા, ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેરમેનનુ પદ ૨૦૧૯થી ખાલી છે તેની નિમણૂક કરવા માંગનો સમાવેશ થાય છે. 'તાસ' હોદ્દેદારો - કાર્યકરોની રજુઆત સાંભળીને નિગમના એમ ડી દ્વારા તે અંગે સારો પ્રતિસાદ આપવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે 'તાસ' દ્વારા જણાવાયું છે કે નિગમ પાસે હાલ ૨૦.૮૮ કરોડની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે જેમાં વધારો કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી.

અમદાવાદ આઈપીએલ ફ્રેન્ચાઈઝનું નામ જાહેર થયું - ગુજરાત ટાઈટન્સ

ઈન્ડિયન પ્રીમિયર લીગની અમદાવાદ ફ્રેન્ચાઈઝએ આજે એની ક્રિકેટ ટીમનું નામ જાહેર કર્યું હતું અને આ નામ છે - ગુજરાત ટાઈટન્સ. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ટીમનું ગૃહ હોવાથી ટીમનું નામ ગુજરાતનાં મહત્વાકાંક્ષી જુસ્સાનો પડઘો પાડે છે.

આઈપીએલની ૧૫મી સિઝનમાં પહેલીવાર ઉતરનારી ગુજરાત ટાઈટન્સ રાજ્યના ક્રિકેટના સમૃદ્ધ વારસાને બિરદાવશે, જેણે આ વર્ષો દરમિયાન ભારતીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમને અનેક મહાન ક્રિકેટરોની ભેટ ધરી છે. ફ્રેન્ચાઈઝ ક્રિકેટના આ વારસાનું પ્રતિનિધિત્વ કરવા અને એનું નિર્માણ કરવાની તક દ્વારા પ્રેરિત છે તેમજ પિચ પર એની ભવિષ્યની સફળતાનો પાયો નાંખશે.

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે યુવા નેતૃત્વ તાલીમ શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે ગાંધીનગર જિલ્લાકક્ષાના યોગાસન અને યુવા નેતૃત્વ તાલીમ શિબિર જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગ્રામજનો અને શાળાના બાળકોએ યોગાસન અને યોગની તાલીમ મેળવી હતી. આ શિબિરનું સફળ સંચાલન અને સુંદર આયોજન શાળાના વ્યાયામ શિક્ષક જે.બી. ચૌધરીએ કર્યુ હતુ. આ તબક્કે શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ સાહેબે યોગની જીવનમાં શુ ભુમિકા અને જરૂરિયાત છે તે વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી તેમજ શિબિરની સફળતા બદલ સર્વે સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

ડભોડા ખાતે ગાંધીનગર તાલુકા યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ ડભોડા હનુમાનજી મંદિર હોલ ખાતે ગાંધીનગર તાલુકા યુવા મોરચા દ્વારા આયોજિત રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન લલિતસિંહ યાદવ, ગાંધીનગર તાલુકા ભાજપના પ્રમુખ મોબતસિંહ સોલંકી, મહામંત્રી લાલભાઈ દેસાઈ તથા પિયુષભાઈ પટેલ, યુવા મોરચા ગાંધીનગર જિલ્લાના પ્રમુખ વિજેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા યુવા મોરચાના પ્રમુખ આશિષભાઈ પટેલ તથા મહામંત્રી મહેશભાઈ ચૌધરી તથા આઈટી સેલ ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ વિનયભાઈ પટેલ તથા આજના બ્લડ ડોનેશનના કેમ્પમાં ઈન્ચાર્જ યાદવ સુરેશસિંહ તથા યુવા મોરચાની સમગ્ર ટીમ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

લગ્નસરાની સિઝનમાં શહેરના ડેપોમાં જાણભેદુ ગઠીયાઓની ટીમ સકીય મુસાફરોમાં ભય

શહેરના હાર્દસમા વિસ્તારમાં ધોળા દિવસે રોજબરોજ ચોરીના કીસ્સા આમછતા પોલીસ પહેરાનો અભાવ : લગ્નસરાની સિઝનમાં જ મહીલાનુ દાગીના ભરાયેલુ પર્સ ઉઠાવી ગઠીયાઓ પલાયન

ગાંધીનગર તા ૯

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત અસે ટી ડેપોમાં રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાય છે. ડેપોમાં મુસાફરોની સુવિધા અને સલામતીને અનુલક્ષી વારંવાર રજુઆતો કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઇ પગલા લેવાયા નથી જેના લીધે લગ્નસરાની સિઝનમાં આ જાણભેદુ ગઠીયાઓન ફાવતુ મળી ગયુ છે. થોડા દિવસો અગાઉ જ વિજાપુર જતી બસમાં ચઢતી મહીલાનુ દાગીના ભરેલુ પર્સ પણ ગઠીયો સેરવી ગયો હોવાનુ ચર્ચાસ્થાને છે. લગ્નસરાની સિઝનમાં પણ ડેપો સંકુલમાં પોલીસ પહેરો જોવા મળતો નથી જેના લીધે મહીલાઓ અને સિનિયર સિટીઝન્સમાં ભયની લાગણી વ્યાપી છે. અનેક રજુઆતોના અંતે ડેપો સંકુલમાં પોલીસ ચોકી પણ કાર્યરત થઇ નથી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરો માટે સુવિધા અને સલામતી બન્ને બાબત રામભરોસે છે. મુસાફરોને સુવિધા પુરી પાડવા માટે પણ કોઇ આયોજન કરવામાં આવતુ નથી એક સમયે રેલવે સ્ટેશનની જેવી હાલત હતી તેવી દશા હાલ નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોની છે. ડેપોમાં રોજબરોજ હજારો મુસાફરોની અવરજવર રહે છે. જયારે સલામત સવારીમાં બેસવા જતા મુસાફરોના રોજબરોજ ખિસ્સા કપાય છે. ગાંધીનગરમાં અવરજવર કરતા મુલાકાતીઓ પણ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની આ કથળતી સ્થિતિથી પરેશાન છે. એસ ટી ડેપોમાં દાયકાઓના અંતે પણ પોલીસ ચોકી કાર્યરત થઇ નથી જયારે આ માટે જગ્યા ફાળવવાથી માંડીને તમામ તૈયારીઓ ડેપો કક્ષાએથી કરી દેવાયા બાદ પણ ડેપો સંકુલમાં પોલીસ પહેરાનો અભાવ વર્તાય છે. આ સ્થિતિ વચ્ચે મુસાફરો વારંવાર પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. બસમાં ચઢ ઉતર કરતી વેળાએ મુસાફરોના પાકીટ કે મોબાઇલની જાણભેદુ ગઠીયાઓ પલવામાંર જ ઉઠાંતરી કરી લે છે. આંખના પલકારમાં જ મુસાફરો તસ્કરીનો ભોગ બને છે. આ જોખમી સ્થિતિ નિવારવા માટે વારંવાર રજુઆત કરવા છતા હજુ સુધી ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવવા માટે કોઇ આયોજન કરવામાં આવતુ નથી. હાલ લગ્નસરાની સિઝન ચાલી રહી છે. જેના લીધે એસ ટી ડેપોમાં પણ ટ્રાફિક વધુ જોવા મળે છે. જેના લીધે કીમતી દાગીનાઓ પર ગઠીયાઓની મીટ મંડરાઈ છે. થોડા દિવસો અગાઉ જ વિજાપુરની બસમાં બેસતી મહીલાનુ દાગીના ભરેલુ પર્સ સેરવીને એક ગઠીયો પલાયન થઇ ગયો હતો. જે અંગે મહીલાએ કન્ટ્રોલરને જાણ કરી પર્સની શોધખોળ કરી હતી પરંતુ કાંઇ હાથ લાગ્યુ ન હતુ ડેપો સંકુલમાં લગ્નસરાની સિઝન દરમિયાન પણ પોલીસ પહેરો જોવા મળતો નથી જેના લીધે જાણભેદુ ગઠીયાઓન ફાવતુ મળ્યુ છે ગમે ત્યાર તક મળતા જ આ ચોર ઈસમો બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે. શહેરના એસ ટી ડેપોમાં સલામત સવારી એસ ટી અમારીના સ્લોગન સાથે મુસાફરોને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવે છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લી.
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
નોટીસ નંબર - ૩૧/૨૦૨૧-૨૨ (બીજો પ્રયત્ન)
કા.ઈ.(સી) યુનિટ-૨ (સુજલામ-સુફલામ), રજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, માર્ગ નં.૨, જળશક્તિ માર્ગ, સેક્ટર નં. ૮, ગાંધીનગર દ્વારા મહીસાગર જીલ્લામાં ઉદવહન સિંચાઈ યોજનાઓના સિવિલ કામ માટે તથા ૫ (પાંચ) વર્ષ માટે મરામત અને નિભાવણીના જુદા જુદા કામો માટેના ઓનલાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ www.gwrdc.nprocure.com વેબસાઈટ ઉપરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકશે.
- કામોની અંદાજીત કિંમત રૂપિયા ૪૦૭૩ લાખથી ૬૮.૯૨ લાખ સુધીના
- ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા. ૮/૨/૨૦૨૨
- ટેન્ડર પીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૨૨/૨/૨૦૨૨, ૧૮ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડી), તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીખ અને સમય : તા. ૨૩/૨/૨૦૨૨ થી ૨૮/૨/૨૦૨૨. ૧૮.૦૦ કલાક સુધી
- ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૪/૩/૨૦૨૨, ૧૫.૦૦ કલાકે
- પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૪/૩/૨૦૨૨, ૧૬.૦૦ કલાકે

વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.stetetenders.guj.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.
માહિતી/૩૧૦૨/૨૧-૨૨